**કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, અરણેજ ખાતે ખેડૂત શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન**

કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, અરણેજ અને પ્રસારણ વન વિભાગ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે " સ્ટ્રેન્ધનીંગ ઓફ ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી સેન્ટર" યોજના અંતર્ગત "વન, વન્યજીવ સંરક્ષણ અને ખેત વનીકરણ " વિષય પર એક દિવસીય ખેડૂત શિબિર તા. ૨૨/૬/૨૦૧૭ના રોજ કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, અરણેજ ખાતે યોજાઈ ગઈ. આ શિબિરમાં ધોળકા તાલુકાના રાયપુર, કેસરગઢ, ભુંભલી અને વેજલકા ગામના આશરે ૭૫ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો. શિબિરમાં શ્રી પી.એમ. ડાભી, નાયબ વન સંરક્ષકશ્રી અને શ્રી એચ. પી. સુથાર, મદદનીશ વન સંરક્ષકશ્રી, શ્રી એસ.એમ. નિનામા, પરિક્ષેત્ર વન અધિકારી, પ્રસારણ વન વિભાગ, ગાંધીનગર અને ડૉ॰ ડી. બી. સિસોદીયા, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, અરણેજ હાજર રહ્યા હતા. શ્રી પી.એમ. ડાભી અને શ્રી એચ. પી. સુથારએ વન, વન્ય જીવ સંરક્ષણ અને ખેત વનીકરણ ઉપર લાલ બત્તી ધરી જાગૃતતા કેળવણી પર ભાર મુક્યો હતો. ડૉ॰ ડી. બી. સિસોદીયા, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ કૃષિ પાકોની વૈજ્ઞાનિક ખેતી અને તેમાં સંકલિત જીવાત નિયંત્રણ ઉપર માર્ગદર્શન આપ્યું હતું.

ખેડૂત શિબિર પ્રસંગે એક વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને કેન્દ્ર ખાતે વિવિધ પ્રકારના વૃક્ષોની રોપણી કરેલ હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી. એચ. બી પટેલ, શ્રી એન. આર. બુંબડિયા, શ્રી એસ. બી. વિંઝુડા, શ્રી પી.આર. ચૌધરી, એચ. એમ. પઢેરીયા અને શ્રી આર. કે. પટેલ, કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, અરણેજ તેમજ કેન્દ્રના સર્વે કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. ખેડૂત શિબિરનું સંચાલન શ્રી. એચ. બી પટેલ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ કરેલ હતું. અંતમાં ઉપસ્થિત ખેડૂતોનો આભાર માની પ્રત્યેકને એક એક રોપો આપી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# ખેડૂત શિબિર






વન, વન્યજીવ સંરક્ષણ અને ખેત વનીકરણ
વિષયક
કિસાન શિબિર
સ્થળ
કૃષિ સંશોધન કેન્દ્ર,
મુ. અરણેજ
તારીખ
૨૨-૦૬-૨૦૧૭
: આયોજક :







# વૃક્ષારોપણ કાર્યક્રમ

| | |
|---|---|
|  |   |
| | |
|   |  |
| | |
|  |  |